# પુત્ર

– તથાગત માથી

સાજ ઢળવા આવી હતી. મબઈના ગીચ વિસ્તારના રસ્તાઓ પર લોકો ઉતાવળા ઉતાવળા ઘરે પહોચવા માટે રસ્તા પર વાહનો દોડાવી રહ્યા હતા. એવા વખતે એક વૃદ્ધ રસ્તો પસાર કરવા જતા રસ્તા વચ્ચે જ ચક્કર ખાઈને પડી ગયા. ચારે બાજુના વાહનોએ તત્કાલ બ્રેક દબાવી. વૃદ્ધને કોઈ અકસ્માત તો ન થયો, પણ તેઓ બેહોશ થઈ ગયા.

એક સજ્જન તેમની ગાડીમાથી બહાર આવ્યા. સ્થિતિને પામી જઈ આસપાસના લોકોની મદદથી તેમણે વૃદ્ધને પોતાની ગાડીમા સુવાડયા અને ગાડી હોસ્પિટલ ભણી મારી મૂકી.

ડૉક્ટરોએ તુરત તેમની સારવાર તો શરૂ કરી દીધી; પરતુ તેમની સ્થિતિ ગભીર જણાઈ. વચ્ચે થોડી વાર ભાનમા આવ્યા તો 'બેટા ! બેટા!' જેવા અસ્પષ્ટ ઉચ્ચારો કરી ફરી બેહોશીમા સરી ગયા.

ડૉક્ટરોને તેમના ખિસ્સા ફફોસતા એક ચોળાયેલી ચિઠ્ઠી મળી, તેના પરથી જાણ્યુ કે તેમનો પુત્ર આર્મીમા છે તથા જે રાજપૂત રેજિમેન્ટમા છે.

જાણકારીને આધારે પુત્રના નામે, પિતાની સ્થિતિ ગભીર છે; તત્કાળ આવી જાઓ – તેવો સદેશો મોકલાવ્યો. પુત્ર એ વખતે કાશ્મીરના કોઈ અતરિયાળ વિસ્તારમા હતો. સદેશો મળતા જ તે તુરત મુબઈ પહોચાડવાની વ્યવસ્થા કરવામા આવી. રાત્રિના બાર વાગે તે સૈનિક હોસ્પિટલ પહોચ્યો.



નર્સ તેન વૃદ્ધના પલગ પાસે લઈ આવી. ઓક્સિજન અને ગ્લુકોઝની નળીઓની વચ્ચે વૃદ્ધ તેમના અતિમ કલાકો પસાર કરી રહ્યા હતા. સૈનિકના  આવવાની ચહલપહલ સાભળી તેમણે આખો

ખોલી અને નિસ્તેજ આખો તેના ચહેરા પર ઠેરવતા બોલ્યા, 'બેટા....!' અને તેમની આખ વહેવા લાગી.

સૈનિક બાજુમા પડેલા નાના ટેબલ પર બેસી ગયો અને તેમનો હાથ પોતાના હાથમા લઈ ઋજુતાથી પપાળવા લાગ્યો. વૃદ્ધને સારુ લાગ્યુ હોય તેમ લાગતા તે તેમના માથા પર, તેમના કપાળ પર સ્નેહથી હાથ ફેરવી રહ્યો. તેને લાગ્યુ કે તેમને કદાચ ઊંઘ આવી ગઈ છે. તે તેમની પાગતે બેસી શાતિથી તેમના પગ દબાવતો બેસી રહ્યો.

રાત વીતતી જતી હતી. નર્સે આવીને તેને થોડી વાર આરામ કરવાનુ કહ્યુ પણ તે કઈ બોલ્યા વિના ચૂપચાપ પોતાનુ કામ કરતો રહ્યો. લાબી મુસાફરી પરથી આવ્યો હોવા છતા ન તેણે આખનુ એક મટકુ પણ માર્યું કે ન તો ચા–કોફી પીવા માટે ત્યાથી ઊઠયો. આખી રાત તે ત્યા જ બેસી રહ્યો.

વહેલી સવારે વૃદ્ધ ફરી એક વાર આખ ખોલી અને લાગણીસભર નજરે જોઈ સૈનિકના માથે હાથ મૂક્યો. પણ પછી થોડી જ વારમા તેમનો શ્વાસ તૂટી ગયો. સૈનિકે ઋજુતાથી તેમનો હાથ પથારીમા ગોઠવ્યો અને નર્સને બોલાવી લાવ્યો. નર્સ અને ડૉક્ટર તુરત આવ્યા. તેમણે સૈનિકને વૃદ્ધના મૃત્યુ અગે જણાવ્યુ. સૈનિકે પૂછ્યુ :

'આ વૃદ્ધ કોણ હતા ?'

નર્સે આશ્ચર્યથી પૂછ્યુ, 'તમારા પિતા ન હતા ?'

'ના ! સૈનિકે કહ્યુ, 'મને સમાચાર મળ્યા કે મારા પિતા સિરિયસ છે પરતુ આ મારા પિતા નથી.'

'પણ....તમે તો....!' નર્સે આશ્ચર્યથી પૂછ્યુ.

'....બરાબર, મે કઈ કહ્યુ નહિ. કારણ કે તે સમયે આ વૃદ્ધને એક પુત્રની જરૂર હતી. મે જોયુ કે તેઓ મને ઓળખી શક્યા ન હતા. આથી હુ જ તેમનો પુત્ર બની ગયો. કારણ કે તેમનો પુત્ર હવે તેટલી ઝડપથી અહીં પહોચી નહિ શકે તેમ મને લાગ્યુ !'

નર્સે તરત જ વહીવટી વિભાગને વાત કરી, બે સરખા નામને લીધે એ નામના બીજા સૈનિકને સમાચાર અપાયા અને આ ગોટાળો થયો.

વૃદ્ધના પુત્રને આ સમાચાર અપાયા અને તે પિતાની અતિમ વિધિ કરવા માટે આવી પહોચ્યો.

વિધિ પૂરી થતા પુત્ર પોતાના પિતાની અતિમ ક્ષણોને સ્નેહપૂર્વક સુધારનાર આ સૈનિક મિત્રનો હાથમા લઈ ક્યાય સુધી રડતો રહ્યો અને સૈનિક સ્નેહપૂર્વક તેની પીઠ પસવારતો રહ્યો.